જા.નં./પગાર/૨૦૨૨/ ૨૧૭૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૨૧/૧૧/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અમે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

વિષય: નિવૃત કર્મચારીના સાતમાં પગાર પંચના ત્રીજા હપ્તા અને એરીયર્સ બીલો રજુ કરવા બાબત.
સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ, તા.૦૪/૧૦/૨૦૨૨
(૨) કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/પેન-૩/૧૮૩૧૨-૪૫, તા.૦૪/૧૦/૨૦૨૨
(૩) અત્રેની કચેરીના પરીપત્ર ક્રમાંક:પગાર/૨૦૨૨/૧૯૫૯૩, તા.૦૭/૧૦/૨૦૨૨

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭નાં સમય ગાળાના પગાર તફાવતની રકમના પાંચ સરખા વાર્ષિક હપ્તા પૈકી ત્રીજા હપ્તાની ચુકવણી કરવાની સંદર્ભ (૧) અને (૨)થી મંજુરી મળેલ છે. જે અન્વયે સાતમાં પગાર પંચના ત્રીજા હપ્તાની ચુકવણી કરવાની હોવાથી સંદર્ભ (૩)થી શાળા કક્ષાએથી સાતમાં પગાર પંચના ત્રીજા હપ્તા, સાતમાં પગાર પંચનો બીજો હપ્તો ચૂકવવાનો બાકી રહી ગયેલ કર્મચારીઓની આંકડાકીય માહિતી અને એરીયર્સ બિલો (રજા રોકડ રૂપાંતર, પગાર એરીયર્સ, મેડીકલ, એલ.ટી.સી.)ની આંકડાકીય માહિતી મંગાવવામાં આવેલ જે અન્વયે તા.૩૧/૧૦/૨૦૨૨ની સ્થિતિએ કર્મચારીને મળવાપાત્ર લાભોના મેન્યુઅલ બીલો નીચે જણાવ્યા મુજબના સ્થળ અને સમયે બીલ રજુ કરવાના રહેશે. તેમજ અગાઉના કેમ્પમાં જે બીલો પર "NEXT કેમ્પમાં રજુ કરવું" નાં માર્કિંગ વાળા બિલો પણ સદર કેમ્પમાં રજુ કરવાના રહશે. તે સિવાયના કોઈ પણ પ્રકારના બિલો કેમ્પમાં સ્વીકારવામાં આવશે નહિ.

| ક્રમ | શહેર/ગ્રામ્ય | સ્થળ | તારીખ | સમય |
|---|---|---|---|---|
| ૧ | સુરત શહેર | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત | તા.૧૪/૧૨/૨૦૨૨ | સવારે ૧૦:૩૦ કલાકે |
| ૨ | સુરત ગ્રામ્ય | એમ.બી. વામદોત હાઇસ્કૂલ, બારડોલી | તા.૧૬/૧૨/૨૦૨૨ | સવારે ૧૦:૩૦ કલાકે |

નોંધ: (૧) બીલો રજુ કરવામાં આવેલ કર્મચારીઓનાં ખાતાની વિગતોની એન્ટ્રી IFMS માં કરવાની હોય, કર્મચારીઓના ખાતાનો કેન્સલ ચેક અથવા પાસબુકની પ્રથમ પેજની સ્પષ્ટ નકલ ઉક્ત સ્થળે સંબંધિત શાખા કલાર્કને મેન્યુઅલ બીલની નકલ સાથે રૂબરૂ આપવાની રહશે.

નોંધ: (૨) શાળાઓના આચાર્યશ્રીને જણાવવામાં આવે છે કે, નીચે નમૂનામાં જણાવ્યા મુજબના પત્રકમાં કર્મચારીઓના મળવા પાત્ર લાભોના બીલની વિગતો મેન્યુઅલ બીલ સાથે અચૂક રજુ કરવાની રહશે.

| ક્રમ | કર્મચારીનું નામ | વિભાગ (માધ્યમિક/ઉ.માં.) | બિલની વિગત | રકમ રૂ. | બેંક એકાઉન્ટ નંબર | IFSC કોડ |
|---|---|---|---|---|---|---|

(એ.જે.પીપળીયા)
હિસાબી અધિકારી,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત, જિ. સુરત.

નકલ રવાના:
- આચાર્યશ્રી,
એમ.બી. વામદોત હાઇસ્કૂલ, બારડોલી, તા. બારડોલી, જિ.સુરત
(જાણ તથા જરૂરી વ્યવસ્થા કરવા સારુ)